# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/384 Dt. 04/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઉદ્યોગોને ગેસ સપ્લાય અને કારીગરોને સરળતાથી ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવા મુદ્દે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેકટર શ્રીમતી અવંતિકા સિંઘ (IAS)ને સચિન, પલસાણા, પાંડેસરા, કિમ – પીપોદરા, સાયણ અને માંગરોળમાં ગેસ લાઇન નાંખવાની રજૂઆત કરાઇ

**સુરત:** ઉદ્યોગોને ગેસ સપ્લાય સુનિશ્ચિત કરવા તથા કારીગરોને ગેસ સિલિન્ડર સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુસર શનિવાર, તા. ૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અઠવા લાઇન્સ સ્થિત સરકીટ હાઉસ ખાતે ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેકટર શ્રીમતી અવંતિકા સિંઘ (IAS)ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, સભ્ય શ્રી અતુલ પટેલ, સેક્રેટરી શ્રી પૌલિક દેસાઈ, સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના ડિરેકટર શ્રી વિનોદ અગ્રવાલ સહિત ઉદ્યોગકારો, ગુજરાત ગેસના ઉચ્ચાધિકારીઓ અને જિલ્લા પૂરવઠા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પૂરવઠા અધિકારીએ બેઠક દરમ્યાન માહિતી આપી હતી કે ગેસ સિલિન્ડર સપ્લાય કરતી એચપીસીએલ, બીપીસીએલ અને આઇઓસીએલના તમામ ડિલરો દ્વારા ૫ કિલો અને ૩ કિલોના ગેસ સિલિન્ડરોનો સપ્લાય શરૂ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા હેઠળ, ઔદ્યોગિક એકમોમાં કાર્યરત કારીગરોને ગેસ સિલિન્ડર મેળવવા માટે સંબંધિત એકમોએ પોતાના લેટરહેડ પર કારીગરના નામ તથા આધારકાર્ડની નકલ સાથે નજીકના ગેસ સપ્લાયરને અરજી કરવાની રહેશે. ઉપલબ્ધ સ્ટોક મુજબ ગેસ સિલિન્ડરોની ડિલિવરી કરવામાં આવશે તેમજ એચપીસીએલ, બીપીસીએલ અને આઇઓસીએલના સિલિન્ડરોનું રિપ્લેસમેન્ટ પણ કરવામાં આવશે. આ વ્યવસ્થા કારીગરોની હિજરત અટકાવવા કરવામાં આવી છે.

વધુમાં, પીએનજી પાઇપલાઇન કનેકશન માટેની નવી પ્રક્રિયાને સરળ બનાવી ૪૫ દિવસના સમયગાળાને ઘટાડીને માત્ર ૭ દિવસ કરવામાં આવી છે, જ્યાં ગેસ લાઇન ઉપલબ્ધ નથી એવા ઔદ્યોગિક વિસ્તારોની વિગત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાત ગેસને મોકલવામાં આવશે. ઔદ્યોગિક એસોસિએશનો અને ગુજરાત ગેસ વચ્ચે સંકલન માટે ચેમ્બર ઓફ કોમર્સ સક્રિય ભૂમિકા ભજવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વર્તમાન કપરી પરિસ્થિતિમાં ચેમ્બર ઓફ કોમર્સ સરકારની સાથે છે. ચેમ્બર તમામ ઉદ્યોગો, કલેકટર કચેરી અને ગુજરાત ગેસ વચ્ચે અસરકારક સંકલન સાધી બ્રિજ તરીકે કાર્ય કરશે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સચિન, પલસાણા, પાંડેસરા, કિમ–પીપોદરા, સાયણ અને માંગરોળ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ગેસ લાઇન વહેલી તકે નાંખવા ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેકટર શ્રીમતી અવંતિકા સિંઘને રજૂઆત કરવામાં આવી હતી.

વધુમાં, કેટલાક ઔદ્યોગિક વિસ્તારોમાં ગેસ લાઇન નંખાઇ ગઇ છે પણ મીટર ઉપલબ્ધ ન હોવાને કારણે સપ્લાય શરૂ ન થઈ શકયો નથી, આથી આવા વિસ્તારોમાં પણ ઝડપથી મીટર લગાવીને ગેસ સપ્લાય પુરો પાડવા ચેમ્બરે રજૂઆત કરી હતી. ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત સંદર્ભે ગુજરાત ગેસ તરફથી ઝડપી કાર્યવાહી કરવા સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.